**તારીખ : 02-10-2021**

**સમય : 0 મિનિટ**

# ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

**ch 2**

**8th s.s**

**કુલ ગુણ : 42**

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** **[4]**

1. ભારતમાં ગળી ઉત્પાદનની કેટલી પ્રથા હતી ?

(A) એક (B) બે (C) ત્રણ (D) સંખ્યાબંધ

**જવાબ :** (B) બે

2. ઈ.સ.1820માં કયા બે પ્રાંતોમાં રૈયતવારી પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી ?

(A) કલકત્તા (કોલકત્તા) અને મુંબઈ (B) મુંબઈ અને મદ્રાસ (ચેન્નાઈ) (C) દિલ્લી અને કલકત્તા (કોલકત્તા) (D) કલકત્તા (કોલકત્તા) અને મદ્રાસ (ચેન્નાઈ)

**જવાબ :** (B) મુંબઈ અને મદ્રાસ (ચેન્નાઈ)

3. ઝારખંડ રાજ્યમાં હઝારીબાગ આસપાસ કયા આદિવાસીઓનો સમૂહ રહેતો હતો?

(A) મુંડા (B) કોલ (C) સંથાલા (D) કોયા

**જવાબ :** (C) સંથાલા

4. આદિવાસીઓ કોના નેતૃત્વમાં મુંડારાજ સ્થાપિત કરવા ઈચ્છતા હતા?

(A) બિરસા મુંડા (B) ઠક્કરબાપા (C) જુગતરામ દવે (D) આમાંથી એકપણ નહિ

**જવાબ :** (A) બિરસા મુંડા

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[4]**

5. મીરજાફરને હટાવીને અંગ્રેજોએ કોને બંગાળનો નવાબ બનાવ્યો?

**જવાબ :** મીરજાફરને હટાવીને અંગ્રેજોએ મીરકાસીમને બંગાળનો નવાબ બનાવ્યો.

6. ભારતમાં ક્યા ગવર્નરના સમયમાં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી ?

**જવાબ :** ઈ.સ. 1793 માં ગવર્નર કોર્નવોલિસ ના સમયમાં ભારતમાં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી.

7. ક્યા યુદ્ધના વિજયથી અંગ્રેજોને બંગાળમાં મહેસૂલ ઉઘરાવાની સત્તા મળી ?

**જવાબ :** ઈ.સ 1764 ના બક્સરના યુદ્ધના વિજયથી અંગ્રેજોને બંગાળમાં મહેસૂલ ઉઘરાવવાની સત્તા મળી.

8. રૈયતવારી પદ્ધતિના પ્રણેતા કોણ હતા?

**જવાબ :** "રૈયતવાળી" પધ્ધતિના પ્રણેતા ચેન્નાઈ (મદ્રાસ)ના ગવર્નર થોમસ મૂનરો હતાં.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[6]**

9. અઢારમી સદીમાં ભારતમાં ખેતીની સ્થિતિ કેવી હતી?

**જવાબ :**

- ઈ.સ. 1765માં બંગાળમાં દીવાની સત્તા પ્રાપ્ત થયા પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો મુખ્ય ઉદ્દેશ યુરોપમાં માંગ હોય તેવી વસ્તુઓ ભારતમાંથી પ્રાપ્ત કરવાનો હતો.
- અંગ્રેજોએ ખેત પેદાશોના ખરીદ - વેચાણના બજારો ઉપર પોતાનો ઈજારો સ્થાપવા માંગતી હતી.
- ભારતમાં ખેતીનું પોતાની મરજી મુજબ વ્યાપારીકરણ કરવા પ્રયાસ કર્યા હતાં. આ ખેતી પાકોમાં મુખ્યત્વે ગળી, કપાસ, કાચું રેશમ, અફીણ,અને મરીનો સમાવેશ થાય છે.

10. યુરોપિયન દેશમાં ભારતીય ગળીની માંગ કેમ વધવા લાગી હતી?

**જવાબ :**

- ઈ.સ. 1790 સુધી યુરોપીયન દેશોમાં ગળીનો પુરવઠો કેરોબિયન દેશોમાંથી આવતો હતો. પરંતુ, આ દેશોમાં ગળીનું ઉત્પાદન ઘટવાથી ભારતીય ગળીની માંગ વધી.
- ઉપરોક્ત, ભારતીય ગળીનો રંગ ચમકતો હોય તે રીતે ઉપસતો હતો જે અન્ય ગળીથી ઉપસતો ન હોતો. જેને કારણે પણ ભારતીય ગળીની માંગ યુરોપિયન દેશોમાં વધવા લાગી હતી.

11. કાયમી જમાબંધીમાં કોનું શોષણ થતું હતું? કેમ?

**જવાબ :**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કાયમી જમાબંધીમાં ખેડૂતોનું શોષણ થતું હતું, કારણ કે ખેડૂતોએ જમીનદારે નક્કી કરેલું મહેસૂલ તેને ફરજિયાત આપવું પડતું હતું. જમીનદાર ખેડૂતો પર જુલમ કરીને પણ તેમની પાસેથી મહેસૂલ વસૂલ કરતો હતો.

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **[9]**

12. કાયમી જમાબંધી પદ્ધતિમાં ખેડૂતોનું શોષણ કેવી રીતે થતું હતું?

**જવાબ :**

- કાયમી જમાબંધી પધ્ધતિમાં ખેડૂતોનું શોષણ થતું હતું, કારણ કે ખેડૂતે નિશ્ચિત કરેલું મહેસૂલ જમીનદારને આપવું પડતું.
- ખેડૂતોના પાક સારો થયો હોય કે ન હોય છતાં જમીનદારો તેના ઉપર જુલમ કરીને પણ મહેસૂલ વસુલતા હતાં. મહેસૂલ ન ભરનાર ખેડૂતોની જમીન જમીનદારો ખરીદતાહતાં.
- ખેતીનો આધાર વરસાદ પર હોય અને વરસાદ પણ અનિયમિત અને વધારે ઓછો પડી પાકની ઉપજ પર અસર કરતો.
- સરકારને ખેડૂતોમાં કે વિકાસમાં રસ ન હતો. આમ, કાયમી જમાબંધી પધ્ધતિમાં યેનકેન પ્રકારે ખેડૂતોનું શોષણ થતું હતું.

13. કાયમી જમાબંધી પદ્ધતિમાં ખેડૂતોનું શોષણ કેવી રીતે થતું હતું?

**જવાબ :**

- કાયમી જમાબંધી પધ્ધતિમાં ખેડૂતોનું શોષણ થતું હતું, કારણ કે ખેડૂતે નિશ્ચિત કરેલું મહેસૂલ જમીનદારને આપવું પડતું.
- ખેડૂતોના પાક સારો થયો હોય કે ન હોય છતાં જમીનદારો તેના ઉપર જુલમ કરીને પણ મહેસૂલ વસુલતા હતાં. મહેસૂલ ન ભરનાર ખેડૂતોની જમીન જમીનદારો ખરીદતાહતાં.
- ખેતીનો આધાર વરસાદ પર હોય અને વરસાદ પણ અનિયમિત અને વધારે ઓછો પડી પાકની ઉપજ પર અસર કરતો.
- સરકારને ખેડૂતોમાં કે વિકાસમાં રસ ન હતો. આમ, કાયમી જમાબંધી પધ્ધતિમાં યેનકેન પ્રકારે ખેડૂતોનું શોષણ થતું હતું.

14. અંગ્રેજ શાસનમાં જનજાતિઓની પ્રવૃત્તિઓ વિશે જણાવો. ઉત્તર : અંગ્રેજ શાસનમાં જનજાતિઓની મુખ્ય પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે હતી:

**જવાબ :** ( 1 ) જનજાતિના કેટલાક સમૂહો જીવનનિર્વાહ માટે માત્ર ખોરાક એકઠો કરવાનું કામ કરતા હતા. ( 2 ) કેટલીક જનજાતિઓના લોકો પશુપાલન કરતા હતા. તેઓ ઘેટાં-બકરાં, ગાયો, ભેંસો વગેરે પશુધન સાથે એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરતા હતા. (3) ખાંડ સમુદાયના લોકો ટોળીઓ બનાવી સમૂહમાં શિકાર કરતા તેમજ જંગલોમાંથી ફળો, કંદમૂળ, ઔષધિઓ અને જડીબુટ્ટીઓ એકત્ર કરતા. જંગલમાંથી મેળવેલી વસ્તુઓ તેઓ સરખાભાગે વહેંચી લેતા અને તેને સ્થાનિક બજારોમાં વેચતા. ( 4 ) ખોડ જનજાતિના લોકો કપડાં વણવાનો, ચામડાં કમાવવાનો અને તેને રંગવાનો વ્યવસાય કરતા હતા. ચામડાના રંગકામ માટે તેઓ કસૂંબી અને પલાશનાં ફૂલોનો ઉપયોગ કરતા હતા. (5) દેશના જુદા જુદા ભાગોમાં રહેતી જનજાતિઓ – આદિવાસીઓ બે પ્રકારની ખેતીકરતી હતી : 1. સ્થળાંતરીય (સ્થળાંતરિત) ખેતી અને 2. સ્થાયી ખેતી. ગીચ જંગલોમાં રહેતા કેટલાક આદિવાસીઓ જંગલોનાં વૃક્ષો અડધેથી કાપીને તેમજ જમીન પરનું ઘાસ કાપીને ખેતી માટે જમીન ખુલ્લી કરતા. એ પછી લાકડાં અને ઘાસ સળગાવીને તેની રાખને જમીનમાં ભેળવી દેતા. રાખ પોટાશયુક્ત હોવાથી જમીન ફળદ્રુપ બનતી. એ જમીનમાં એક વખત પાક લીધા પછી તેઓ તે વિસ્તાર છોડી બીજા વિસ્તારમાં સ્થળાંતર કરી એ જ પદ્ધતિથી ખેતી કરતા. આ પદ્ધતિને 'સ્થળાંતરીય (સ્થળાંતરિત) ખેતી' કહેવામાં આવતી. 19મી સદી પહેલાં છોટા નાગપુરની મુંડા, ગોંડ અને સંથાલ નામની જનજાતિઓ સ્થાયી ખેતી કરતી હતી. તેમને જમીનના અધિકારો પણ મળ્યા હતા.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[4]**

15. અંગ્રેજ શાસનમાં જનજાતિઓની પ્રવૃત્તિઓ વિશે જણાવો.

**જવાબ :**

- અંગ્રેજ શાસનકાળ દરમ્યાન જનજાતિઓના સમુહો ખોરાક એકઠો કરી જીવન જીવતા હતાં.
- પશુપાલન સાથે સંકળાયેલ સમુહો સ્થળાંતર કરી જીવન જીવતાં.
- ઓડિશાના ખોંડ સમૂદાય સમૂહમાં શિકાર કરતા, જંગલમાંથી ફળ, કંદમૂળ, ઔષધિઓ અને જડીબુટ્ટીઓ એકત્રીત કરતા અને મેળવેલ વસ્તુઓ સરખે હિસ્સે વહેંચી લેતા. વધારાનો માલ સામાન સ્થાનિક બજારમાં વેચી દેતા હતાં.
- ખોંડ જનજાતિના લોકો કપડા વણવાનો, ચામડા કમાવવાનો અને રંગનો વ્યવસાય કરતા હતાં.
- કેટલાક જનજાતિ સમૂહો ખેતી સાથે સંકળાયેલ હતો. જે બે પ્રકારની ખેતી કરતા હતાં.

  (1) સ્થળાંતરીય ખેતી : જંગલમાં વૃક્ષો અને ઘાસ કાપીને પાક ઉગાડવામાં આવતો. એક વાર પાક ઉગાડ્યા પછી તેઓ ત્યાંથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતાં. આ ખેતીને સ્થળાંતરીય ખેતી કહેવામાં આવે છે.

  (2) સ્થાયી ખેતી : જનજાતી સમુહ કોઈ ચોક્કસ જગ્યાએ વસવાટ કરે અને ખેતીનું કામકાજ કરે તેવી ખેતી સ્થાયી ખેતી હતી. આમ, અંગ્રેજ શાસનમાં જનજાગૃતિઓ મુખ્યત્વે પશુપાલન,જંગલ પેદાશો, કાપડ વણાટ અને ખેતી અને ખેતી સાથે સંલગ્નપ્રવૃત્તિઓ સામે ઘનિષ્ઠ રીતે જોડાયેલા હતાં.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[15]**

16. ટૂંકનોંધ લખો: બિરસા મુંડા

**જવાબ :**

- બિરસા મુંડાનો જન્મ 15મી નવેમ્બર, 1875 માં ઝારખંડ રાજ્યના રાંચી શહેર નજીકના ગામમાં થયો હતો.
- તેઓના પિતાનું નામ સુગના મુંડા અને માતા કરમી મુન્ડાઈ હતાં.



StudentBro
Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે સ્થળાંતર કરી બાળપણ વિતાવ્યું હતું.
- બાળપણમાં ઘેટા-બકરાં ચરાવવા,વાંસળી વગાડવી અને અખાડાની રમતો રમવામાં સમય પસાર કર્યો હતો.
- બાલ્ય અવસ્થામાં એક સ્થાનિક મિશનરી શાળામાં શિક્ષણ પણ મેળવ્યું હતું. યુવા અવસ્થામાં જનોઈ ધારણ કરીને વૈષ્ણવધર્મના પ્રચારક તરીકે સેવા આપી.
- આ સમય દરમિયાન વિવિધ વિચાર સરણીઓના સંપર્કને કારણે જનજાતિના ઉત્કર્ષ માટે કાર્ય કરવાનું નક્કી કર્યું.
- બિરસામુંડાએ સમાજ કલ્યાણ માટે નીચેની બાબતો પર ભાર મૂક્યો.
- દારૂ પીવા પર પાબંધી ઘર અને ગામની સ્વચ્છતા પર ભાર ડાકણ - જાદુ કળામાં વિશ્વાસ ન રાખવો.
- પોતાના ગૌરવપૂર્ણ ભવ્ય ભૂતકાળ પ્રમાણે જીવન જીવવું એક જ જગ્યાએ રહી ખેતી કરવી વગેરે બાબતોને લઈ જનજાગૃતિ ફેલાવી.
- મુંડા જનજાતિનું નેતૃત્વ બિરસાના હાથમાં આવતા અંગ્રેજોને ભય લાગ્યો. તેથી અંગ્રેજો એ રાજવહીવટ માટે અડચણરૂપ છે તેવા ખોટા આરોપ મૂકી બિરસાની ધડપકડ કરાવી.
- બે વર્ષની જેલમાંથી મુક્ત થયા પછી બિરસા મુંડાએ ફરીથી જનજાગૃતિની ચળવળ પ્રારંભી.
- જેમાં અંગ્રેજો અને દીકુ સામે સફેદ ઝંડાવાળું બિરસારાજ અને ચળવળ મજબૂત બનાવી.
- ઈ.સ. 1900માં કોલેરાની બિમારીથી બિરસા મુંડાનું અવસાન થયું. પરિણામે આ ચળવળ મંદ પડી જેનો લાભ અંગ્રેજોએ લીધો.
- આમ, ભારતીય ઈતિહાસમાં બિરસામુંડા સ્વાતંત્ર સેનાની અને આદિવાસી જનનાયક તરીકે સદાય યાદ કરાય છે.

17. ટૂંકનોંધ લખો: રૈયતવારી પદ્ધતિ

**જવાબ :**

- ઈ.સ. 1820માં ચેન્નાઈ (મદ્રાસ)ના ગવર્નર થોમસ મુનસોએ મુંબઈ અને ચેન્નાઈ પ્રાંતોમાં રૈયતવાળી પધ્ધતિ અમલમાં મૂકી હતી.
- રૈયતવાળી પધ્ધતિ મુજબ જમીન ખેડનારને જમીનનો માલીક બનાવવામાં આવતા. સરકારી શરતો મુજબ ખેડૂતે મહેસૂલ ચૂકવાનું રહેતું.
- આ પ્રથા ખેડૂતો માટે લાભદાયી ન હતી કારણ કે, જમીન મહેસૂલનો દર વધારે હતો.
- સરકાર જ્યારે ઈચ્છે ત્યારે જમીન મહેસૂલમાં વધારો કરી શકે તેમ હતી. કોઈપણ સ્થિતિમાં એટલે કે ખેડૂતના પાક સારો પાકે કે નિષ્ફળ જાય તો પણ નક્કી કરેલ મહેસૂલ ભરવું પડતું.

18. ટૂંકનોંધ લખો: મહાલવારી પદ્ધતિ

**જવાબ :**

- ઈ.સ. 1822માં હોલ્ટ મૅકેંજી નામના અંગ્રેજ અધિકારીએ ઉત્તર-પશ્ચિમ પ્રાંત અને મધ્ય ભારતના કેટલાક પ્રદેશોમાં મહાલવારી પધ્ધતિ અમલમાં મૂકી હતી.
- બ્રિટિશ મહેસૂલી દફ્તર (રેકોર્ડ) માં ગ્રામ કે ગામના સમૂહ માટે "મહાલ" શબ્દનો ઉપયોગ થાય છે.
- આ પ્રથામાં મહેસૂલ ખેડૂતના ખેતર પર નહિ પણ સમગ્ર ગામ કે ગામના સમૂહ પાસેથી વસૂલવામાં આવતા.
- ગામનું સર્વેક્ષણ કરી ખેતરોના ઉત્પાદનની આવકને ધ્યાનમાં રાખી મહેસૂલ વસૂલાતુ તેથી આ પધ્ધતિની "મહાલવારી પધ્ધતિ" તરીકે ઓળખાય છે.
- ગ્રામીણ કક્ષાએ ગામના મુખીને જમીન મહેસૂલ વસૂલવાની જવાબદારી સોંપવામાં આવી હતી.
- અંગ્રેજોની આ ખેત મહેસૂલ સુધારણાની પધ્ધતિઓએ ગ્રામીણ અર્થતંત્રને ખૂબ જ મોટું નુકસાન પહોંચાડ્યું.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in